
## વડીલોને વંદન અભિનંદન

આજે જન્મદિવસ



કાંતિભાઈ ભુદરભાઈ પટેલ
(૧૯૪૩) ફોન: ૨૩૨ ૬૦૬૨૭



કાંતિભાઈ અંબાલાલ પટેલ
(૧૯૫૦) ફોન: ૨૩૨ ૨૭૯૨૯

# તાજપુર કેમ્પ નજીક કાર અને ટ્રક વચ્ચે થયેલા અકસ્માતમાં એકનું મોત

તાજપુર કેમ્પ, તા.૩૧

તલોદ તાલુકાના તાજપુર કેમ્પ પાસે હરસોલ મોડાસા હાઈ-વે પર આજે સવારે કાર અને ટ્રક વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. જેમાં કારના ચાલકનું ઘટના સ્થળે જ કમકમાટી ભર્યું કરૂણ મોત નિપજયું હતું. આ બનાવ અંગે તલોદ પોલીસે અકસ્માતનો ગુનો નોંધી ફરાર ટ્રક ચાલકની શોધખોળ હાથ ધરી છે.

પોલીસ સૂત્રો પાસેથી મળેલી માહિતી મુજબ તલોદ તાલુકાના હરસોલ-મોડાસા હાઈ-વે પર વડાગામ તરફથી આજે સવારના સમયે એક મારૂતિ સ્વીફટ કાર નં. જીજે-૧૮-બીએ ૨૧૪૬ તાજપુર કેમ્પ તરફ આવી રહી હતી દરમિયાન આજ માર્ગ પર સામેથી એક ટ્રક નં. જીજે-૯-વી-૬૪૭૪ પણ પસાર થઈ રહી હતી અને ટ્રકના ચાલકે બેદરકારી પૂર્વક ટ્રક હંકારતા બંને વાહન સામ-સામે અથડાયા હતા અને જોરદાર માર્ગ અકસ્માત સર્જાયો હતો. જેમાં કારના ચાલક ૩૮ વર્ષીય ભીખાભાઈ મોતીભાઈ ચૌધરી (રહે. દાલીસા ગામ દહેગામ)નું ઘટનાસ્થળે કમકમાટી ભર્યું મોત નિપજયું હતું. જયારે કારમાં સવાર અન્ય એક ઈસમ મુકેશભાઈ આત્મારામ રાવળ (રહે. કંથાપરા દહેગામ)ને ગંભીર ઈજાઓ થવા પામી હતી. ટ્રક ચાલક આ અકસ્માત સર્જી ટ્રક મૂકી નાસી છૂટવામાં સફળ રહ્યો હતો. જયારે આ બનાવ અંગે તલોદ પોલીસને જાણ થતા તેઓએ તાત્કાલિક ઘટના સ્થળે આવી ઘાયલ મુકેશ રાવળને સારવાર અર્થે અને મૃતક ભીખાભાઈ ચૌધરીને પી.એમ. અર્થે મોકલી આપ્યા હતા.

આ બનાવ સંદર્ભે વિનુભાઈ છગનભાઈ પટેલે ફરિયાદ આપતા પોલીસે ફરાર ટ્રક ચાલક વિરૂધ્ધ ગુનો નોંધી તેની શોધખોળ હાથ ધરી છે.

## મત્સ્યોદ્યોગ ખાતાના કર્મચારીઓની ધિરાણ અને ગ્રાહક સહકારી મંડળીના હોદ્દેદારો નિમાયા

ગાંધીનગર, તા. ૩૧

મત્સ્યોદ્યોગ ખાતાના કર્મચારીઓની ધિરાણ અને ગ્રાહક સહકારી મંડળી લી. ગાંધીનગરના નવા ચૂંટાયેલા સભ્યોની ચૂંટણી અધિકારી કે.યુ. પટેલની હાજરીમાં બેઠક મળી હતી. ચૂંટણી અધિકારીએ કમિટિમાં નીચેના હોદ્દેદારોની સર્વાનુમતે વરણી કરવામાં આવેલ છે.

પદ્યુમનસિંહ વાઘેલા, પ્રમુખ જી.એલ. મદલાણી, ઉપ-પ્રમુખ બી.એફ. દવે, મંત્રી આર.પી. જાની, સહમંત્રી પી.સી. મોદી, ખજાનચી કે.ડી. દવે, લોન કમિટિ સભ્ય પી.સી. સોલંકી, લોન કમિટિ સભ્ય વાય.બી, પુવળ કારોબારી સભ્ય, બી.એમ.મામપીલ્લી કારોબારી સભ્ય.

## સમાચાર ઝલક

- ૯૬ લાખ બેંક ખાતામાં જમા પડેલા, રૂપિયા ૨૪૦૦ કરોડનું કોઇ ધણી-ધોરી નથી.
- ૨૬ જિલ્લાઓ માટે રાહત યોજના તૈયાર.
- રિટેલમાં એફ.ડી.આઇ.ને મંજૂરી નહીં મળે તેવી પ્રબળ શકયતા.
- ડાકોર મંદિરનું ૧૦ થી ૧૫ કરોડના ખર્ચે વિકાસ થશે.
- નુકશાનગ્રસ્ત ધાર્મિક સ્થળોના સમારકામ ઉપર સ્ટે માટેનો સુપ્રીમકોર્ટનો ઇન્કાર.
- એમ.બી.બી.એસ. અભ્યાસક્રમ ૯ વર્ષમાં પાસ કરવો ફરજિયાત : મેડિકલ કાઉન્સિલ ઓફ ઇન્ડિયાએ નવો નિયમ ઘડ્યો.
- રંગીન મિજાજી પ્રૌઢ આચાર્યે ૧૬ વર્ષની બે વિદ્યાર્થીઓને પ્રેમજાળમાં ફસાવી ભગાડી ગયો, નાના ખીજડીયાનો બનાવ.
- જૂનાગઢ મહાનગર પાલિકામાં રાજકીય ભૂકંપ : કોંગ્રેસના ૫ કોર્પોરેટરોનાં રાજીનામા.
- ઓલિમ્પિકસમાં ચીન પ્રથમ નંબરે છવાયું, ભારત ૨૨માં નંબરે.
- કરાંચીમાં ભીખ માંગવામાં પણ માફીયાગીરી, રમઝાન માસમાં ૭૫ હજાર ભિક્ષુકો બહારથી આવ્યા.
- શરદ પવારના ઘરે ટીમ અન્નાના દેખાવો.
- યુ.પી.એસ.સી.નું પરિણામ બહાર પડ્યું, ગુજરાતનો કંગાળ દેખાવ માત્ર ૬૪ ઉમેદવારો પાસ થયા.
- મેઘરાજાએ રિસામણા લેતાં ગંભીર પરિસ્થિતિ ઊભી થવાનો ખતરો, ૨ કરોડ ટન અનાજ ઓછું પાકશે.
- સોમનાથ મહાદેવનાં દર્શને ૨ લાખ ભક્તો ઉમટ્યા.
- અમદાવાદમાં આનંદનગર વિસ્તારમાં ૭૦ લાખનાં સોનાના ઘરેણાંની બરબપોરે લૂંટ, વેપારી પાસેથી બેગ લઇને નાસી છૂટ્યા.
- ફિલ્મી અભિનેત્રી શ્રીદેવી ફરીથી ચમકશે.
- નર્મદા કેનાલનું રૂપિયા ૬૨ કરોડનું લેણું માફ કરવા માટે કવાયત.
- ઓલિમ્પિકમાં વી.આઇ.પી.ની ટીકીટો પણ કાળા બજારમાં વેચાઇ.

## પાટનાકૂવાના ભક્તે વરૂણદેવને રીઝવવા ઉપવાસ આદર્યા

ગાંધીનગર, તા. ૩૧

ગુજરાતના પાટનગર ગાંધીનગરથી લઈ રાજ્યભરના લોકો તેમજ જગતના તાતમાં વરસાદના વિલંબે ભારે ચિંતાની લાગણી પ્રસરી છે. વરસાદ ખેંચાતા લોકોના જીવ તાળવે ચોંટી ગયા છે. શ્રવણ માસમાં વરૂણ દેવને રિઝવવા દહેગામ તાલુકાના પાટનાકૂવા ગામના અનિલકુમાર યશવંતલાલ જાનીએ તા. ૨૯મી જુલાઈ-૨૦૧૨ થી સંપૂર્ણ શ્રદ્ધા સાથે ગામના ટાવર ચોક પાસે શિવ અને શક્તિ મંદિરે બેસી ઉપવાસ શરૂ કરી દીધા છે. અને વરસાદ પડે ત્યાર પછી જ ઘરે જવું તેવું નક્કી કર્યું છે. ગ્રામજનો દ્વારા શક્તિપીઠ ધામે રાત્રે ભજનનો કાર્યક્રમ પણ રાખવામાં આવે છે.

# સ્ટેટ બેંકને બોમ્બથી ઉડાવી દેવાના પ્રકરણમાં સીસીટીવી ફૂટેજની તપાસ હાથ ધરી

હિંમતનગર, તા.૩૧

સાબરકાંઠા જિલ્લાના મુખ્ય મથક હિંમતનગરમાં સિવિલ સામે આવેલ સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયામાં સોમવારના રોજ બપોરે એક સફેદ બંધ કવરમાં ધમકી પત્ર મળ્યો હતો જેમાં લખનાર એ જણાવેલ કે રૂ. ૮૦ લાખ મારા ખાતામાં ભરી દો નહીંતર દસ દિવસમાં બેંકને બોમ્બથી ઉડાવી દઈશ જેથી તે પત્ર લઈ બેંક મેનેજર ડી.પી.જોશી હિંમતનગર ટાઉન પોલીસ મથકે ગયેલા અને કાર્યવાહી કરવા માટે અરજી આપી હતી.

જેથી હિંમતનગર ટાઉન પોલીસ મથકના પી.એસ.આઈ. જીવણભાઈ પ્રજાપતિએ તુરંત તપાસ હાથ ધરી હતી અને પત્રમાં દર્શાવેલ ઈલોલ ગામના વલીભાઈ જીવાભાઈ દાત્રોલીયા નામની તપાસ માટે ઈલોલ ગામે જઈ તપાસ હાથ ધરી હતી. આ અંગે પી.એસ.આઈ. જીવણભાઈ પ્રજાપતિએ જણાવેલ કે ધમકી પત્રમાં લખેલ નામનો માણસ કોઈ નથી અને સફેદ બંધ કવરમાં ધમકી પત્ર મુકનારાને પકડવા માટે બેંકના મેનેજર પાસે બેંકમાં લગાવેલ સીસીટીવીના ફૂટેજની માંગણી કરી વધુ તપાસ હાથ ધરી છે.

## પાલનપુરમાં સવારથી જ ઘનઘોર બનેલો મેહુલ વરસ્યો

પાલનપુર, તા. ૩૧

જગતનો તાત અને આમ પ્રજા જેની રાહ જોઈ રહ્યા હતા તે મેહુલીયાને રીઝવવા અવનવા હવનો-પૂજાઓ પ્રાર્થનાઓ નમાજો પઢાઈ હતી. જયારે પાલનપુરના એક રીપોર્ટરે વરસાદ નહીં વરસે તો માતાજીના મંદિરના પ્રાંગણમાં સળગતા અંગારા પર તા. ૧-૮-૧૨ના રોજ ચાલવાની પ્રતિજ્ઞા કરી છે. જયારે સવારથી જ વરસાદનું વાતાવરણ જામતા શહેરમાં મેહુલીયો જેવો જોઈએ તેવો નહીં પણ ખેતી માટે-અબોલ પશુઓ માટે વરસ્યો હતો.

## દશેલા ગામના ખેતરમાં કામ કરતા ખેડૂતને સાપે ડંશ મારતા ખેડૂત ગંભીર

ગાંધીનગર, તા. ૩૧

ગાંધીનગર જિલ્લાના દશેલા ગામે આજે સવારે પોતાના ખેતરમાં ડાંગર કાપતી વખતે ખેડૂત શિવાભાઈ સબાભાઈ ચૌધરી (ઉ.વ. ૪૫)ને જમણા હાથના કાંડે સાપે ડંશ મારતા તેમની હાલત ભારે ગંભીર બની ગઈ હતી.

સાપે ડંશ મારવાની જાણકારી તેમના પરિવારજનોને મળતા તેઓએ પોતાની કારમાં ગાંધીનગર સિવિલમાં તાત્કાલિક લઈ આવ્યા હતા. જ્યાં ફરજ પરના તબીબોએ તેમને મોતના મુખમાંથી બચાવી લીધા હતા. જેથી ખેડૂત શિવાભાઈ ચૌધરીનો જીવ બચી ગયો હતો. આ મામલે ચિલોડા પોલીસમથકે જાણવા જોગ ફરિયાદ નોંધાઈ હતી જે અંગે હેડ કોન્સ્ટેબલ સનાજી તપાસ ચલાવી રહ્યા છે.

## સમસ્ત બ્રહ્મસમાજ દ્વારા આવતીકાલે જનોઈ બદલવાનો કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા. ૩૧

ગાંધીનગરના સમસ્ત બ્રહ્મસમાજ દ્વારા તા. ૨ જી ઓગષ્ટ-૨૦૧૨ને શ્રાવણી પૂર્ણિમા નિમિત્તે બ્રહ્મસમાજના આબાલવૃદ્ધો માટે જનોઈ બદલવાનો કાર્યક્રમ સવારે ૮ કલાકે બ્રહ્મભવન, સેક્ટર-૧૬, ગાંધીનગર ખાતે યોજાશે. બ્રહ્મભવન ખાતે જનોઈ બદલવાના કાર્યક્રમમાં જોડાવા ઈચ્છતા બ્રહ્મજને બે વાટકી, બે થાળી, આશન સ્વગૃહેથી લાવવાનું રહેશે તથા પૂજાપાની વ્યવસ્થા સમસ્ત બ્રહ્મસમાજ ગાંધીનગર દ્વારા કરવામાં આવશે. બ્રહ્મજનોને નિયત સમયે ને સ્થળે ઉપસ્થિત રહેવા પ્રમુખ પિનાકીનભાઈ રાવલે અખબારી યાદીમાં જણાવ્યું છે.



પ્રાંતિજ રેલવે સ્ટેશન નજીક આવેલ વાસુદેવ રાવલ પી.ટી.સી. કોલેજ સંકુલમાં સાબરકાંઠા જિલ્લા ભાજપનું વિજય વિશ્વાસ સંમેલન જયંતિભાઈ બારોટના અધ્યક્ષ પદે યોજાયું હતું. જેમાં મોટી સંખ્યામાં કાર્યકરો જોડાયા હતા. આ સંમેલનમાં ઉપસ્થિત મંત્રી જયસિંહ ચૌહાણ, ધારાસભ્ય દિપસિંહ રાઠોડ, જિલ્લા પ્રમુખ જયેન્દ્રસિંહ, જે.ડી. પટેલ સંસદ મહેન્દ્રસિંહ વગેરેએ કાર્યકરોને વિધાનસભાની તૈયારીમાં લાગી જવા અનુરોધ કર્યો હતો. (તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

## શબ્દાવલી - ૪૮૦૫

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | | | ■ | ૩ | ૪ |
| ૫ | | ■ | ■ | ■ | ૬ | | |
| | ■ | ૭ | ૮ | ૯ | ■ | | ■ |
| ૧૦ | ૧૧ | | | | ■ | ■ | ૧૨ |
| ૧૩ | | | ■ | ■ | ૧૪ | ૧૫ | |
| ■ | | ■ | ૧૬ | | | | ■ |
| ૧૭ | | ૧૮ | | ■ | ■ | ૧૯ | ૨૦ |
| | ■ | ૨૧ | | | | ■ | |

**આડી ચાવી**

૧. ઝાડા થાય તેવી દવા, જુલાબ (૫)
૩. રામના પુત્રો લવ અને... (૨)
૫. વકીલ, ન્યાય કરનાર (૨)
૬. સારો અવસર (૩)
૭. ફુલ, પુષ્પ (૩)
૧૦. બાળક જેવી હરકત કરવી તે (૫)
૧૩. ઠંડો પવન આપતું યંત્ર (૩)
૧૪. લંકાના રાજા (૩)
૧૬. સ્વીકાર કરવો (૪)
૧૭. નબળું, ઢીલું (૪)
૧૯. મોજ, આનંદ (૨)
૨૧. તલ્લીન (૪)

**ઊભી ચાવી**

૧. તોલનાકુ, જકાત ઉઘરાવવાની જગ્યા (૫)
૨. ભૂતપૂર્વ, ... ધારાસભ્ય (૨)
૩. ખરાબ સંગ (૩)
૪. સાબિતી રૂપ દિવાની જયોત (૨)
૭. દૂધ ફાડીને બનાવાય (૩)
૮. સલાહ, સૂચન (૨)
૯. વીતી ગયેલ (૨)
૧૧. એક રાજસ્થાની વાનગી (૪)
૧૨. લાકડાની નાની કરચ, ... વાગી (૨)
૧૪. રાવણ... નો રાજા હતો (૨)
૧૫. લાકડાના બોર્ડ પર રમાતી એક રમત (૩)
૧૬. દ્રાક્ષ (હિન્દીમાં) (૨)
૧૭. મક્ષિકા (૨)
૧૮. ચરણ (૨)
૨૦. પારધી પંખી પકડવા... બીછાવે (૨)

### શબ્દાવલી ૪૮૦૪ના જવાબ

**આડી ચાવી :-** (૧) કાલસર્પ (૩) નજીવી (૭) ગર (૮) વટક (૯) નકોરડો (૧૧) શમા (૧૩) માન (૧૪) આગ (૧૫) શાહીલ (૧૬) ભાલો (૧૭) નગરચર્ચા (૧૯) અરૂચી (૨૦) યાતના

**ઊભી ચાવી :-** (૧) કાલવવુ (૨) સરકસ (૪) જીગર (૫) વીરડો (૬) અનશન (૧૦) કોમા (૧૨) સહીયારૂં (૧૪) આલોચના (૧૬) ભારત (૧૮) ગયા

## ડેમોક્રેટિક પીપલ્સ એસોસિએશન ગુજરાતના હોદ્દેદારો નિમાયા

ગાંધીનગર, તા.૩૧

ડેમોક્રેટિક પીપલ્સ એસોસિએશન ગુજરાત, ગાંધીનગરની કારોબારી સમિતિની બેઠક તાજેતરમાં યોજાઈ હતી. જેમાં સંસ્થાના પ્રમુખ અને અન્ય હોદ્દેદારોની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી.

કારોબારી સમિતિની બેઠકમાં પ્રમુખ તરીકે ભાનુકાન્ત પરમાર, ઉપપ્રમુખ તરીકે આત્મારામ પરમાર, સોમાભાઈ પરમાર, મહામંત્રી તરીકે મૂળજીભાઈ પરમાર, મંત્રી તરીકે જીવણભાઈ પરમાર, સંગઠન મંત્રી તરીકે વિરચંદભાઈ પરમાર, ખજાનચી તરીકે પાનાચંદ વણકર, આંતરિક ઓડિટર તરીકે પુરુષોત્તમભાઈ રાઠોડ, પ્રવકતા તરીકે દશરથભાઈ પરમાર, કારોબારી સભ્યોમાં ખુશાલભાઈ પરમાર, મંગળભાઈ ચૌહાણ, દિનકરભાઈ પરમાર, રમણલાલ શ્રીમાળી, બુદ્ધપ્રિય મૈત્રેય, મૂળાભાઈ પરમાર અને ખાસ આમંત્રિત સભ્ય તરીકે પ્રેમજીભાઈ રાઠોડની વરણી કરવામાં આવી છે.

ગાંધીનગરના કારોબારી સભ્ય ડી.એમ. પરમારના નિવાસે યોજાયેલી બેઠકમાં કાર્યવાહી નોંધોનું વાંચન કરવામાં આવ્યું હતું તથા સર્વાનુમતે તેને બહાલી આપવામાં આવી હતી. સભ્યોની વરણી બાદ બેઠકમાં ગાંધીનગર મુકિતધામમાં મૂર્તિઓ મુકવા બાબતે મંત્રી નીતિનભાઈ પટેલને રૂબરૂ મળવાનું નક્કી કરવામાં આવ્યું હતું તથા કારોબારી સભ્યોના એક દિવસીય પ્રવાસ ગોઠવવાનું પણ નક્કી કરાયું હતું. ડી.એમ. પરમાર દ્વારા સભાની સગવડ તથા સરભરા ખૂબ સારી કરવામાં આવી હતી. સંસ્થાવતી આત્મારામ પરમારે આભાર વિધિ કરી હતી.

# મકાનોની લાલચ આપી કોંગ્રેસે મહિલા સાથે છેતરપિંડી કરી છે

### મહિલાઓના નામે મકાન ખરીદવા રજિસ્ટ્રેશન ફી, સ્ટેમ્પ ડ્યુટીમાં ઘણી રાહત આપી : ભાજપ સરકારે કરેલો દાવો

ગાંધીનગર, તા.૩૧

ગુજરાત સરકારના પ્રવકતા, આરોગ્યમંત્રી જયનારાયણ વ્યાસ અને નાણાં રાજ્ય મંત્રી સૌરભ પટેલે કોંગ્રેસ પાર્ટી દ્વારા માત્ર મહિલાઓની માલિકીના ઘરના ઘરની જે જાહેરાત કરી છે તેને કોંગ્રેસની પોકળ ચૂંટણી વચનની લહાણી ગણાવતા આકરી ટીકા કરી છે. રક્ષાબંધનની ભેટ તરીકે પંજામાં ચાંદ બતાવીને કોંગ્રેસ પાર્ટીએ ચૂંટણીના વચનરૂપે મહિલાઓ સાથે છેતરપિંડી કરી છે જે ગુજરાતની મહિલાઓનું અપમાન છે.

પ્રવકતા મંત્રીઓએ જણાવ્યું છે કે મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં રાજ્ય સરકારે જ ગુજરાતના નારી સમાજ માટે વિકાસમાં અને નિર્ણયમાં ભાગીદાર બનવા માટે મહિલાઓને મિલકતના અધિકારો આખા દેશમાં પહેલીવાર આપ્યા છે. ભૂકંપમાં તારાજ થયેલા પરિવારોની મહિલાઓના નામે નવસર્જિત મકાનોની માલિકી આપનારા મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ તો ગુજરાતમાં મહિલાઓને નામે મકાન ખરીદવા માટે રજીસ્ટ્રેશન ફી અને સ્ટેમ્પ ડ્યુટીમાં રાહત માફી આપીને લાખો મહિલાઓને સ્થાવર મિલકતની માલિક બનાવી છે. રાજ્યમાં ૧૨ લાખ જેટલા મકાન-મિલકતના દસ્તાવેજો મહિલાઓના નામે થયા છે. અને તેમાં રૂા. ૪૦૦ કરોડ કરતા વધારે નોંધણી ફી-સ્ટેમ્પ ડ્યૂટીનો બોજ મહિલાઓ માટે થઈને જ રાજ્ય સરકારે ઉપાડ્યો છે. ગુજરાતમાં બીપીએલ ગરીબીની રેખા નીચે જીવતા ૦ થી ૧૬ ના પોઈન્ટના તમામે તમામ ઘરવિહોણાને આ સરકારે ઘરના ઘરનું સપનું સાકાર કરવા કરોડોની કિંમતી જમીનના પ્લોટ અને સહાય આવાસ બાંધવા માટે આપી દીધા છે. જે પણ સમગ્ર દેશમાં ક્યાંય કોંગ્રેસશાસિત રાજ્યોમાં શક્ય બન્યું નથી. આવા સાડા ચાર લાખ બીપીએલ કુટુંબો જે ઘરવિહોણા હતા તેમની મહિલાઓને સ્થાયી આવાસની સુખ-શાંતિની જિંદગીના અવસર આ સરકારે જ ઉપલબ્ધ કરાવ્યા છે. શહેરી ગરીબ સમૃદ્ધિ યોજના હેઠળ પાંચ લાખ ગરીબોને ઘરના ઘરમાં રહેવાના સપના સાકાર કરવાની આ સરકારે ઝૂંબેશ ઉપાડી છે. અને આઠ મહાનગરો તથા ૧૫૯ નગરપાલિકાઓમાં મળીને ૧.૮૭ લાખ આવાસો ગરીબો માટે બાંધવામાં આવ્યા છે.

# ભાજપ સરકાર ભ્રષ્ટાચારીઓ અને ગુનેગારોને રક્ષણ આપે છે

ગાંધીનગર, તા.૩૧

ગુજરાતમાં મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીના શાસનમાં પ્રજા ન્યાયાલયના દરવાજા ખખડાવે તો જ ન્યાય મળે છે. મોદી સરકાર પ્રજા વિરોધી છે, ભ્રષ્ટાચારીઓ અને ગુનેગારોને રક્ષણ આપનારી છે તેમ પૂર્વ મુખ્યમંત્રી કેશુભાઈ પટેલે આજે તેમના બ્લોગ પર જણાવ્યું હતું.

તેમણે પોતાના બ્લોગ પર એવું ટાંક્યું હતું કે, લોકોના પ્રશ્નો લઈને સામાજિક સંસ્થાઓ, સેવાભાવી વ્યક્તિઓ કોર્ટમાંથી જાય ત્યારે પણ સરકાર સત્યના પડખે રહેવાના બદલે ભ્રષ્ટાચારીઓને બચાવવા, ગુનેગારોને બચાવવા તેની તમામ તાકાત કામે લગાડી દે છે. રૂપિયા ૭૦૦ કરોડના ચેકપોસ્ટ કૌભાંડમાં હાઈકોર્ટે લાલ આંખ કરીને સરકારને કહેવું પડ્યું કે તમે ભ્રષ્ટાચારની તપાસ કરાવો છો કે હવે અમે તપાસનો આદેશ આપીએ? ત્યારે ના છૂટકે સરકારે તપાસ શરૂ કરી. કેગે ગણવેશથી માંડીને ગેસના અબજો રૂપિયાના કૌભાંડો ખૂલ્લાં પાડતો રિપોર્ટ બહાર પાડ્યો ત્યારે લોકાયુક્ત દ્વારા એની તપાસ ના થાય તે માટે સરકારે ધમપછાડા કર્યા. રાજ્યપાલે લોકાયુક્તની નિમણુંક કરી તો હાઈકોર્ટમાં સામે પડ્યા. હાઈકોર્ટે પણ લોકાયુક્તની નિમણુંક કરવાનો હુકમ બહાલ રાખ્યો તો સુપ્રીમ કોર્ટમાં ગયા. ભ્રષ્ટાચારને છાવરવા માટે કેટલા બધા ધમપછાડા?

કેશુભાઈ બ્લોગ પર એવું જણાવ્યું હતું કે, ભાજપના ધારાસભ્ય શંકર ચૌધરીના કેસમાં પણ અરજદારે મહીનાઓ સુધી લડત આપી ત્યારે પણ સરકારે તેનો ન્યાય ના આપ્યો અને ન્યાયાલયે લાલ આંખ કરી ત્યારે જ સરકાર ઢીલી પડી. જે બાળકોનું સરકારની ગુનાઈત બેદરકારીના કારણે એચઆઈવીવાળું લોહી ચડાવી દેવામાં આવ્યું એમાં પીડિત બાળકોને મદદ કરવાને બદલે તેમને જ દોષિત ઠેરવ્યા. હાઈકોર્ટે તપાસનો હુકમ આપ્યો તો સરકારે તપાસ રોકી રાખી. કોર્ટે તપાસનીશ અધિકારીની ઝાટકણી કાઢી સીબીઆઈને તપાસ સોંપી. આ ઉપરાંત ફિશરીઝના કેસમાં પણ આવું જ બન્યું. ધાર્મિક સ્થળોના રક્ષણ બાબતે પણ ન્યાયતંત્ર દ્વારા અરજદારને ન્યાય મળ્યો. કૃષિ મંત્રીના ભ્રષ્ટાચાર ખૂલ્લા પાડનારા વ્યક્તિ સામે હુમલો થાય છે. આમ પોતાની ગેરરીતિઓ છૂપાવવા અને પ્રજાને ન્યાય ના મળે તે માટે હંમેશા મોદી સરકારે અવરોધરૂપ કામ કર્યું છે. મુખ્યમંત્રી ગુનેગારો -ભ્રષ્ટાચારીઓને છાવરે છે. સત્યની જીત અને ન્યાયના વિજય માટે પ્રજા વિરોધી સરકારથી છૂટકારો મેળવવો જ રહ્યો.

## બાવળનું પ્રભુત્વ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

૨.૯૭ કરોડ જોવા મળી છે. એટલે કે પ્રત્યેક બે વ્યક્તિએ સરેરાશ એક લીમડાનું અસ્તિત્વ જોવા મળે છે. રાજ્યના ત્રણ જિલ્લા પોરબંદર, અમરેલી અને દાહોદમાં વૃક્ષોની સંખ્યામાં ઘટાડો જોવા મળ્યો છે. રાજ્યમાં ૨૦૦૪માં પ્રતિ હેક્ટર ૧૪.૧ વૃક્ષ હતું તે પ્રમાણ વધીને ૧૬.૧ થવા જાય છે. પાટનગરે તેની ખૂબસૂરતી ગુમાવી છે. પાટનગરમાં પ્રતિ હેક્ટર ૪૫ વૃક્ષ છે.

આણંદ એકમાત્ર એવો જિલ્લો છે કે જ્યાં પ્રતિ હેક્ટર ૬૫ વૃક્ષો હતા તે વધીને ૬૮ થયાં છે. આ જિલ્લામાં વૃક્ષછેદન થકી આવક પણ વધી છે. લાકડા વેચવાની ઈન્કમ ૧૪૦ કરોડે પહોંચી છે. અહીં વૃક્ષ કપાય છે તેની સામે બમણાં વવાય છે.